દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

ગુરુવાર ૩૦ એપ્રિલ, ૨૦૨૬

ટ્રાન્સજેન્ડર હદ નક્કી કરી શકે નહીં, અલ્હાબાદ હાઈકોર્ટનો ચુકાદો

વિશ્વભરમાં ટ્રાન્સજેન્ડર પ્રજાતિ પ્રત્યે લોકોની સહાનુભૂતિ હોય છે. આ એવા લોકો છે કે જે નથી પુરૂષમાં અને નથી સ્ત્રીમાં. કુદરતે તેમની સાથે અન્યાય કર્યો અને તેને કારણે જ વિશ્વમાં અને ખાસ કરીને ભારતમાં ટ્રાન્સજેન્ડર પ્રજાતિ પાસેથી લોકો આશીર્વાદ લે છે અને સાથે સાથે તેમને તેના બદલામાં 'નેગ' કે 'બધાઈ' આપે છે. ટ્રાન્સજેન્ડર માતાજીના ભક્ત ગણાય છે અને લગભગ દરેક શહેરમાં એકાદ વિસ્તાર તો એવો હોય જ છે કે જ્યાં ટ્રાન્સજેન્ડર રહેતા હોય. એક સમય હતો કે જ્યારે ટ્રાન્સજેન્ડર પ્રત્યે સન્માનની લાગણી હતી પરંતુ આ સ્થિતિ બદલાઈ જવા પામી છે. 2014માં સુપ્રીમ કોર્ટે ટ્રાન્સજેન્ડરને કાનૂની માન્યતા પણ આપી હતી પરંતુ કેટલાક ટ્રાન્સજેન્ડરો દ્વારા દાદાગીરી કરીને પૈસા માંગવામાં આવી રહ્યા છે. કેટલાક ઠેકાણે તો પુરૂષ જ હોય પરંતુ ટ્રાન્સજેન્ડર બનીને નાણાં ઉઘરાવવાની પ્રવૃત્તિ કરવામાં આવી રહી છે. કેટલીક જગ્યાએ ટ્રાન્સજેન્ડરો દ્વારા હદની લડાઈ કરવામાં આવે છે અને તેને કારણે ગેંગવોર થવાની અને હત્યાઓ થવાની પણ ઘટનાઓ બની છે. આમ તો બાળકના જન્મથી માંડીને અન્ય શુભ પ્રસંગોમાં ટ્રાન્સજેન્ડરને બોલાવવાનો અને તેને નાણાં આપવાનો રિવાજ છે. પરંતુ હાલમાં તો એવી સ્થિતિ છે કે ટ્રાન્સજેન્ડર દ્વારા શુભ પ્રસંગોમાં એટલી મોટી રકમ માંગવામાં આવે છે કે સામાન્ય માણસની ગજા બહારની વાત છે. આ ઘટનાઓને કારણે ટ્રાન્સજેન્ડરે લોકોની નજરમાં પોતાનું માન ઘટાડ્યું છે.

તાજેતરમાં આવો જ એક કેસ અલ્હાબાદ હાઈકોર્ટની લખનૌ બેન્ચ સમક્ષ આવ્યો હતો. આ કેસમાં ગોંડા જિલ્લાની ટ્રાન્સજેન્ડર રેખા દેવી દ્વારા રિટ દાખલ કરીને એવી માંગણી કરવામાં આવી હતી કે 'નેગ' મેળવવા માટે પોતાનો ચોક્કસ વિસ્તાર અનામત રાખવામાં આવે. અરજદારે જરવાલ શહેરમાં 'કાટી કા પુલ' થી 'ઘાઘરા ઘાટ' અને કર્નલગંજમાં 'સરયુ પુલ' સુધીનો વિસ્તાર તેના માટે ખાસ વિસ્તાર તરીકે અનામત રાખવાની માગ કરી હતી. તેણે દાવો કર્યો હતો કે તે ઘણા વર્ષોથી આ સ્થળોએથી 'નેગ' એકત્રિત કરી રહી છે. તેના વકીલે કોર્ટમાં દલીલ કરી હતી કે જ્યારે તેના સમુદાયના અન્ય સભ્યો આ વિસ્તારની મુલાકાત લે છે, ત્યારે ઘણીવાર ઝઘડા અને અથડામણ થાય છે. તેમણે એવી પણ દલીલ કરી હતી કે આ લાંબા સમયથી ચાલતી પ્રથા પરંપરાગત અધિકાર બની ગઈ છે. જોકે કોર્ટે અરજી ફગાવી દીધી હતી.

કોર્ટે પોતાના નિર્ણયમાં જણાવ્યું હતું કે કોઈપણ લેવી, કર અથવા ફી ફક્ત કાયદાના અધિકાર હેઠળ જ વસૂલ કરી શકાય છે. "બધાઈ" અથવા "જજમાની" ના નામે પૈસા વસૂલવાની પ્રથાને કોઈ કાનૂની મંજૂરી નથી. બેન્ચે એમ પણ કહ્યું કે, "કોઈપણ વ્યક્તિ પાસેથી પૈસા વસૂલવાની, પછી ભલે તે જાણી જોઈને હોય કે અન્ય કોઈ રીતે, પરવાનગી આપી શકાતી નથી. કોઈપણ નાગરિકને ફક્ત કાયદા દ્વારા વાજબી રકમ ચૂકવવાનો નિર્દેશ આપી શકાય છે." કોર્ટે એ પણ નોંધ્યું કે ટ્રાન્સજેન્ડર વ્યક્તિઓ (અધિકારોનું રક્ષણ) અધિનિયમ, 2019, આવા અધિકારની જોગવાઈ કરતું નથી. અરજી ફગાવી દેતા, બેન્ચે જણાવ્યું હતું કે આવી અરજી મંજૂર કરવાથી ગેરકાયદેસર ખંડણી કાયદેસર બનશે. જે ગુનાહિત પ્રવૃત્તિને પ્રોત્સાહન આપી શકે છે. બેન્ચે એ પણ નોંધ્યું હતું કે આવી ખંડણીને કાયદા દ્વારા ક્યારેય વાજબી ઠેરવવામાં આવી નથી અને ભારતીય દંડ સંહિતા હેઠળ દંડથી માંડીને સજા પણ થઈ શકે છે. હાઈકોર્ટે સ્પષ્ટપણે કહ્યું છે કે, આ રીતે ટ્રાન્સજેન્ડર માટે હદ નિર્ધારીત કરી શકાય જ નહીં.

હાઈકોર્ટે યોગ્ય રીતે જ પોતાનો ફેંસલો સંભળાવ્યો પરંતુ સાથે સાથે સરકારે ટ્રાન્સજેન્ડર દ્વારા જે મોટી રકમની માંગણી કરવામાં આવે છે, નાણાં નહીં મળે તો તોફાન કરવાથી માંડીને હુમલાઓ પણ કરવામાં આવે છે તેની સામે કડક પગલા લેવા જરૂરી છે. ટ્રાન્સજેન્ડરને લોકો સ્વૈચ્છાએ બોલાવે અને નાણાં આપે તેની સામે કોઈ જ વાંધો હોઈ શકે નહીં પરંતુ સામે ચાલીને દાદાગીરી કરીને નાણાંની ઉઘરાણી તે સદંતર ખોટી પ્રથા છે. સરકારે પોલીસને પણ આ મુદ્દે તાકીદ કરવાની જરૂરીયાત છે કે જો આવી કોઈપણ ઘટના ધ્યાને આવે તો તુરંત જ એક્શન લેવા જોઈએ અને એવા ટ્રાન્સજેન્ડરની અટકાયતથી માંડીને જરૂરી કાયદાકીય પગલાઓ લેવા જોઈએ. સહાનુભૂતિના નામે જે ખોટા ધંધાઓ કેટલાક ટ્રાન્સજેન્ડરો દ્વારા કરવામાં આવે છે તેની પર રોક લાગશે તો જ ટ્રાન્સજેન્ડરોનું સન્માન રહેશે તે નક્કી છે.

યુએસ સુપ્રીમ કોર્ટે ટ્રમ્પના ટેરિફ પર લાત મારી વિશ્વ અને ભારતના વેપાર પર અસર અને રિફંડની વાસ્તવિકતા

૨૦ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ અમેરિકન સુપ્રીમ કોર્ટે ૬-૩ના મતથી ટ્રમ્પ વહીવટ તરફથી લાગુ કરાયેલા વ્યાપક ટેરિફને રદ કર્યા. આ ટેરિફ ૧૯૭૭ના International Emergency Economic Powers Act (IEEPA) હેઠળ લાગુ કરવામાં આવ્યા હતા. મુખ્ય ન્યાયાધીશ જ્હોન રોબર્ટ્સે લખેલા મુખ્ય અભિપ્રાયમાં કહેવામાં આવ્યું કે IEEPAમાં 'Regulate Importation' શબ્દો ટેરિફ લગાવવાની સત્તા આપતા નથી. ટેરિફ એક પ્રકારનો કર છે અને કર લગાવવાની સત્તા માત્ર કોંગ્રેસને છે, રાષ્ટ્રપતિને નહીં.

સુપ્રીમ કોર્ટે કહ્યું કે જો અમેરિકન કોંગ્રેસ આવી મોટી આર્થિક સત્તા પ્રેસિડેન્ટને આપવા માંગતી હોય તો તેને આ વાત સ્પષ્ટ શબ્દોમાં લખવી જોઈએ, જે IEEPAમાં નથી. આ પહેલાં કોઈ રાષ્ટ્રપતિએ IEEPAનો ઉપયોગ ટેરિફ માટે કર્યો ન હતો. આ ચુકાદો Major Questions Doctrine પર આધારિત છે, જે મહત્ત્વના આર્થિક પ્રશ્નોમાં સ્પષ્ટ કાનૂની અધિકારિતા માગે છે. ટ્રમ્પે આ ટેરિફ 'Fentanyl Trafficking' અને 'Trade Deficit' જેવાં કટોકટીનાં કારણો આગળ ધરી લાગુ કર્યા હતા, પરંતુ કોર્ટે તેને અમાન્ય ગણ્યા છે.

વિશ્વ વેપાર અને વાણિજ્ય પર આ નિર્ણયની વ્યાપક અસરો છે. આ ચુકાદાથી અમેરિકાના સરેરાશ ટેરિફ દર ૧૫.૩%થી ઘટીને ૮.૩% થયા, જે વિશ્વ વેપાર માટે મોટી રાહત છે. ચીન પરના ટેરિફ ૩૬.૮%થી ૨૧.૨% થયા, બ્રાઝિલ અને જાપાન જેવા દેશોને પણ ફાયદો થયો. વિશ્વ વેપાર સંસ્થા (WTO) અને અન્ય દેશોના વેપારીઓ માટે અનિશ્ચિતતા ઓછી થઈ, કારણ કે ટ્રમ્પની આવી અચાનક અને આડેધડ ટેરિફ નાખવાની નીતિ આને કારણે અંકુશમાં આવશે.

આ ચુકાદાથી અમેરિકાના આયાતકારોને ૧૭૫ અબજ ડૉલર સુધીના રિફંડ મળવાની તક છે. આનાથી વૈશ્વિક સપ્લાય ચેઈનને સ્થિરતા મળશે અને મોંઘવારીમાં રાહત મળવાની અપેક્ષા છે. પરંતુ ટ્રમ્પે તરત જ Section 122 હેઠળ નવા ૧૦-૧૫% ગ્લોબલ ટેરિફ લાગુ કર્યા, તેથી હાલ પૂરતી સંપૂર્ણ રાહત મળી નથી. કોંગ્રેસની સત્તા મજબૂત થઈ છે અને ભવિષ્યમાં વધુ સંતુલિત વેપાર નીતિની આશા છે.

ભારત-અમેરિકા વેપારની વર્તમાન સ્થિતિ :-

૨૦૨૫માં અમેરિકા સાથે ભારતનો કુલ વેપાર ૧૪૯.૪ અબજ ડૉલર (લગભગ ૧૪.૦૮ લાખ કરોડ રૂપિયા) હતો. ભારતની અમેરિકા તરફની નિકાસ ૧૦૩.૮ અબજ ડૉલર (લગભગ ૯.૭૮ લાખ કરોડ રૂપિયા) અને અમેરિકાની ભારત તરફની નિકાસ ૪૫.૬ અબજ ડૉલર (લગભગ ૪.૩૦ લાખ કરોડ રૂપિયા) હતી. અમેરિકાની ભારત સાથેની વેપાર ખાધ ૫૮.૨ અબજ ડૉલર (લગભગ ૫.૪૮ લાખ કરોડ રૂપિયા) રહી.

ટ્રમ્પના ટેરિફની અસર - કેટલો ઘટાડો થયો?

ઑગસ્ટ ૨૦૨૫માં ટ્રમ્પે ભારત પર ૫૦% ટેરિફ લગાવ્યા. પરિણામે મે ૨૦૨૫માં રહેલી ૮.૮ અબજ ડૉલર (લગભગ ૮૨,૯૧૪ કરોડ રૂપિયા)ની નિકાસ સપ્ટેમ્બરમાં ઘટીને ૫.૫ અબજ ડૉલર (લગભગ ૫૧,૮૨૧ કરોડ રૂપિયા) થઈ ગઈ. એટલે કે માત્ર ૫ મહિનામાં ૩૭.૫% ઘટાડો થયો. ટેક્સ્ટાઈલ, જ્વેલરી, લેધર અને મરીન પ્રોડક્ટ્સ સૌથી વધુ અસરગ્રસ્ત રહ્યા.

સુપ્રીમ કોર્ટનો ઐતિહાસિક નિર્ણયઃ-

અમેરિકાની સુપ્રીમ કોર્ટે ૬-૩ના મતથી IEEPA કાયદા હેઠળ લગાવેલા તમામ ટેરિફને ગેરકાયદેસર જાહેર કર્યા છે. ભારત પરનો ૧૮% રેસિપ્રોકલ ટેરિફ હવે સંપૂર્ણ રદ થયો છે. માત્ર સામાન્ય MFN ટેરિફ જ લાગુ રહેશે. જો કે હજુ પણ આ મુદ્દે અનિશ્ચિતતા છે કેમ કે કોર્ટે માત્ર IEEPA હેઠળના ટેરિફને અટકાવ્યા છે. ટ્રમ્પે તરત જ ૧૦% નવા ગ્લોબલ ટેરિફ લાગુ કરી દીધા છે. તેથી પૂરી રાહત હજુ મળી નથી.

રિફંડની વાસ્તવિક સ્થિતિ જોઈએ તો અમેરિકાની કસ્ટમ્સે ૨૦ એપ્રિલ ૨૦૨૬થી રિફંડ પ્રક્રિયા શરૂ કરી છે. કુલ ૧૬૬ અબજ ડૉલરના ટેરિફ પાછા આપવાના છે, જેમાંથી ભારત સાથે જોડાયેલા આશરે ૧૦-૧૨ અબજ ડૉલર (લગભગ ૯૪,૨૨૦ કરોડથી ૧,૧૩,૦૬૪ કરોડ રૂપિયા) છે. જો કે મહત્ત્વની વાત એ છે કે આ પૈસા અમેરિકાના ઈમ્પોર્ટર્સને મળશે, ભારતીય નિકાસકારને સીધા નહીં. એટલે ભારતીય નિકાસકારોએ અમેરિકન ખરીદાર સાથે બેસીને ડીલ કરવી પડશે.

ઈકો-નોમિક્સ

ડૉ.જયનારાયણ વ્યાસ

સુપ્રીમ કોર્ટના નિર્ણયથી ભારતને મોટી રાહત મળી છે, પરંતુ ટ્રમ્પના નવા ટેરિફને કારણે હજુ ટેરિફથી પૂરી મુક્તિ નથી મળી

સુપ્રીમ કોર્ટના નિર્ણયથી ભારતને મોટી રાહત મળી છે, પરંતુ ટ્રમ્પના નવા ટેરિફને કારણે હજુ ટેરિફથી પૂરી મુક્તિ નથી મળી. ૨૦૨૫માં થયેલ ૩૭.૫% નિકાસ ઘટાડાની રિકવરીની આશા છે. નિકાસકારોએ તાત્કાલિક અમેરિકન ખરીદારો સાથે વાત કરીને રિફંડની ડીલ પાકી કરી લેવી જોઈએ. આ ચુકાદો વિશ્વ વેપાર માટે તે સારા સમાચાર છે, પરંતુ સંપૂર્ણ રાહત માટે હજુ રાહ જોવી રહી. સુપ્રીમ કોર્ટના આ ચુકાદાએ હાલ પૂરતી વેપારને સ્થિરતા આપી છે જે વૈશ્વિક અર્થતંત્રને થોડી શ્વાસ લેવાની તક આપે છે. પરંતુ આ વેપાર યુદ્ધનો અંત નથી.

અમેરિકી સુપ્રીમ કોર્ટનો આ ઐતિહાસિક ચુકાદો માત્ર કાયદાકીય વિજય નથી, પરંતુ તે વૈશ્વિક વેપારની સ્વાયત્તતા અને લોકતાંત્રિક સત્તાના સંતુલનનું પ્રતીક છે. કોર્ટે સ્પષ્ટ કરી દીધું છે કે રાષ્ટ્રપતિ પાસે કટોકટીના નામે કર લાદવાની નિરંકુશ સત્તા નથી. ભારત માટે આ એક આશાસ્પદ વળાંક છે, કારણ કે નિકાસમાં થયેલો ૩૭.૫%નો મોટો ઘટાડો હવે રિકવરી તરફ વળી શકે છે. જો કે, ટ્રમ્પ દ્વારા લાદવામાં આવેલા નવા ૧૦% ગ્લોબલ ટેરિફ એ વાતની સાબિતી છે કે 'ટ્રેડ વોર' હજુ પૂરેપૂરું શમ્યું નથી.

આગામી સમયમાં ભારતીય નિકાસકારોએ માત્ર રિફંડના સેટલમેન્ટ પર જ નહીં, પરંતુ અમેરિકાની બદલાતી વેપાર નીતિઓ સામે લાંબા ગાળાની વ્યૂહરચના ઘડવા પર પણ ધ્યાન કેન્દ્રિત કરવું પડશે. બુર્જ ખલીફાની રોશની હોય કે વૈશ્વિક બજારોની સ્થિતિ, અનિશ્ચિતતાના આ યુગમાં સ્થિરતા માત્ર મજબૂત કાયદાકીય રક્ષણ અને કુશળ કૂટનીતિ દ્વારા જ મેળવી શકાશે. હાલ પૂરતી સુપ્રીમ કોર્ટે વિશ્વના અર્થતંત્રને વેન્ટિલેટર પરથી બહાર લાવી શ્વાસ લેવાની તક આપી છે, પરંતુ ભવિષ્યનાં આર્થિક મોજાંઓ સામે સાવધ રહેવું અનિવાર્ય છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

સૌથી મહત્વની મિલકત

ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

એક યુવાન કપલ, ઋતા અને રીતેશ સાથે ભણ્યાં અને પ્રેમલગ્ન કર્યા અને સાથે મળીને એક સ્ટાર્ટ-અપની શરૂઆત કરી. તેમાં પણ સરસ સફળતા મળવા લાગી. ફાઈનાન્સીઅલ એડવાઈઝર તરીકે ઋતાનાં દીદી જ સાથ આપી રહ્યાં હતાં.

બહુ સફળતા મળી ત્યારે બધા એકદમ ખુશ હતા અને દીદીની સલાહ પ્રમાણે જે નફો થતો હતો તેનું બરાબર ઇન્વેસ્ટમેન્ટ કરી રહ્યા હતા. ઋતા અને રીતેશ એકમેકને ખુશ કરવા મોંઘી ભેટ આપતા તે પણ દીદીની સલાહ પ્રમાણે. જેથી પૈસા ખોટી જગ્યાએ વેડફાઈ ન જાય. બહુ સફળતા મળી ત્યારે હવે પતિ-પત્ની હતા છતાં મારે કારણે આ સફળતા છે તેવો ઈગો ટકરાવા લાગ્યો અને જ્યાં નકારાત્મકતા પ્રવેશે ત્યાં નિષ્ફળતા આવે જ. એક નાનકડી ભૂલને લીધે મોટું નુકસાન ગયું.

હવે માર્કેટમાં બ્રેન્ડ વેલ્યૂ અને વિશ્વાસ બનાવી રાખવા માટે 6 કરોડ રૂપિયા ચુકવવા પડે તેમ હતું નહીં તો બિઝનેસ પડી ભાંગે અને ન ચૂકવે અને નાદારી નોંધાવે તો પણ આગળ કોઈ કામ ન કરી શકે એટલે આગળ કૂવો અને પાછળ ખાઈ જેવી પરિસ્થિતિ હતી.

ઋતા અને રીતેશ બંને શું કરવું તેની સલાહ લેવા દીદી પાસે ગયા અને દીદીની સામે બસ એકમેક પર દોષારોપણ કરતા રહ્યા. દીદીએ કહ્યું, 'તમારે મારી પાસેથી સલાહ જોઈએ છે? કોઈ રસ્તો કાઢવો છે કે પછી આમ ઝઘડતા જ રહેવું છે?'

બંને ચૂપ થઈ ગયા, થોડી વાર રહીને રીતેશે કહ્યું, 'દીદી, માર્કેટમાં રહેવું હશે તો ઘણા પૈસા ચૂકવવા પડશે અને મને લાગે છે, જેટલી મિલકત છે તેમાંથી લગભગ બધી જ વેચવી પડશે, હવે તમે જ સલાહ આપો કે આપણી પાસે જે છે તેમાંથી સૌથી સારી અને ભવિષ્ય માટે જરૂરી અને ફાયદાકારક કઈ મિલકત આપણે બચાવીએ અને કઈ વેચીએ?' ઋતા ખિન્ન મને ચૂપચાપ બેઠી હતી.

દીદીએ બધી ગણતરી કરી અને પછી કહ્યું, 'મને લાગે છે કે બંગલો અને ઓફિસ બધું વેચવું જ પડશે તો જ પૈસા ચૂકવી શકીશું અને જો ખૂટે તો ઋતાનાં દાગીના પણ હમણાં વેચી નાખવા પડશે.' ઋતા ચીસ પાડીને બોલી ઉઠી, 'દીદી તો તો કઈ નહીં બચે, કોઈ મિલકત નહીં હોય તો ભવિષ્યનું શું?' દીદીએ ઋતાને પાણી આપ્યું અને પછી બોલ્યા, 'જો સૌથી મહત્ત્વની અને જરૂરી મિલકત તમારે બચાવવી છે?' ઋતા અને રીતેશ બંને એક સાથે બોલ્યા, 'હા, દીદી કઈ મિલકત આપણે બચાવી શકીશું?'

દીદીએ કહ્યું, 'સૌથી જરૂરી અને સૌથી મહત્વની મિલકત છે આપણી માનસિકતા, આપની મગજની સ્થિતિ અંગ્રેજીમાં કહું તો 'માઈન્ડસેટ'. કોઇપણ પરિસ્થિતિમાંથી માર્ગ કાઢવા માટે માનસિકતા બહુ મોટો ભાગ ભજવે છે. જો મન અને મગજથી મજબૂત અને હકારાત્મક હશો તો કોઈપણ મુશ્કેલીનો સામનો કરી શકશો એટલે તમે તમારા માઈન્ડસેટને સૌથી મહત્ત્વની મિલકત સમજો અને તેને હંમેશા પોઝિટીવ રાખજો. જો મન અને મગજ સ્થિર, શાંત અને હકારાત્મક હશે તો દરેક કામ કરી શકાશે અને ફરી બીજી બધી મિલકત મેળવી શકાશે.' દીદીએ જરૂરી સલાહ આપી.

એમને માફ ન થાય! તેઓ શું કરે છે એની એમને જાણ છે

ફીર દેખો યારોં

બીરેન કોઠારી

આ બન્ને કંપનીઓનું કદ રાક્ષસી છે અને તેમનું જોર પણ રાક્ષસી છે. એટલે હજી તેઓ આ મામલાને ઉપલી અદાલતમાં લઈ જશે. એ થાય ત્યારે ખરું, પણ અમેરિકન ન્યાયતંત્રે તેમનો આ રીતે કાન આમળ્યો એ બહુ સૂચક ઘટના છે

વર્તમાન સમયમાં કોઈ પણ નશીલા દ્રવ્ય કરતાં વધુ ગંભીર વ્યસન હોય તો એ સામાજિક નેટવર્કિંગનાં માધ્યમોનું છે. આ વ્યસનને લઈને વ્યક્તિ એકચિત્તે બેસી શકતી નથી કે કોઈ પણ બાબત પર એકધ્યાન થઈ શકતી નથી. હવે આ બધી સવલતો ફોનમાં સુલભ હોવાથી થોડી થોડી મિનીટે ફોન જોવાનું વલણ દરેક વયની વ્યક્તિઓમાં વળગણની જેમ વ્યાપેલું જોવા મળે છે. આટલા ટૂંકા સમયમાં આ માધ્યમોનું આવું વ્યસન લાગુ પડી જવા પાછળનું કારણ શું? આ સવાલના જવાબ માટે થોડા સમય પહેલાં અમેરિકાની બે અદાલત દ્વારા અપાયેલા ચુકાદા જાણવા જેવા છે. એક ચુકાદો લોસ એન્જેલિસની અદાલતે આપ્યો છે અને બીજો ન્યુ મેક્સિકોની અદાલતે. લોસ એન્જેલિસની જ્યુરીએ 'મેટા' અને 'યુ ટ્યૂબ'ને સાઠ લાખ ડૉલર ફરિયાદીને થયેલા નુકસાન પેટે ચૂકવવાનો હુકમ કર્યો છે, તો ન્યુ મેક્સિકોની જ્યુરીએ 'મેટા'ને 37.5 કરોડ ડૉલરનો દંડ ફટકાર્યો છે. 'મેટા' કંપની ફેસબુક, ઈન્સ્ટાગ્રામ, વોટ્સેપ અને મેસેન્જર જેવાં માધ્યમો ધરાવે છે. આવી જંગી રકમ ચૂકવવાનો આદેશ જ્યુરીએ કરવો પડે એ મામલો શો છે?

લોસ એન્જેલિસવાળા કિસ્સામાં ફરિયાદી એક મહિલા છે, જેની ઓળખ તેના પ્રથમાક્ષરો 'કે.જી.એમ.'થી કરાઈ છે. આ મહિલાએ જણાવ્યું કે પોતે છ વર્ષની વયથી સામાજિક માધ્યમોનો ઉપયોગ શરૂ કરી દીધેલો. પોતાના દેખાવ બાબતે ભ્રમિત થઈને તેણે 'ઈન્સ્ટાગ્રામ' પર વિવિધ પ્રકારનાં 'બ્યુટી ફિલ્ટર્સ'નો ઉપયોગ શરૂ કર્યો. જ્યુરીને તપાસમાં જણાયું કે કંપનીના અધિકારીઓ તેમાં સંડોવાયેલા જોખમ વિશે જાણતા હતા. લઘુત્તમ વયમર્યાદાનો કાનૂન હોવા છતાં આ પ્લેટફોર્મ પરની સામગ્રી એવી રીતે તૈયાર કરાયેલી કે બાળકો તેનાથી આકર્ષાય. મહિલાના આક્ષેપો સાચા માલૂમ પડ્યા અને જણાયું કે બન્ને કંપનીઓએ જાહેર સ્વાસ્થ્ય અને જનકલ્યાણના ભોગે પોતાની પહોંચ વધારવા માટે કાનૂની તેમજ નૈતિક નિયમનનો ભંગ કર્યો છે.

ન્યુ મેક્સિકોવાળો મામલો વધુ ગંભીર છે. આ રાજ્યમાં અમલી એવા 'અનફેર પ્રેકટિસીસ એક્ટ'નું ઉલ્લંઘન કરીને 'મેટા'એ યુવા વપરાશકર્તાઓની સલામતિ બાબતે તેમને ગેરમાર્ગે દોર્યા હોવાનું પુરવાર થયું છે. સાત સપ્તાહ સુધી ચાલેલા આ ખટલામાં 'મેટા'ના આંતરિક દસ્તાવેજો તેમજ તેના ભૂતપૂર્વ કર્મચારીઓની રજૂઆત થકી શું જાણવા મળ્યું? એ જ કે બાળકોનો દુરુપયોગ કરનારાં તત્ત્વો પોતાના માધ્યમનો ઉપયોગ કરી રહ્યાં હોવાની કંપનીને જાણ હતી. 2021માં આ કંપની છોડનાર એક ઈજનેરે જુબાની આપતાં જણાવ્યું કે પોતે કરેલા કેટલાક પ્રયોગોમાં બાળકોને ઈન્સ્ટાગ્રામ પર જાતીયતાને ઉત્તેજિત કરતી સામગ્રી પીરસાતી હતી એમ જણાયું. તેની ખુદની નાનકડી દીકરીને કોઈક અજાણ્યાએ ઈન્સ્ટાગ્રામ દ્વારા જાતીય સંબંધ માટે પ્રસ્તાવ મૂકેલો.

રાજ્યના વકીલો 'મેટા'નું આંતરિક સંશોધન રજૂ કરતાં જણાવ્યું કે એક તબક્કે ઈન્સ્ટાગ્રામના 16 ટકા વપરાશકર્તાઓએ એક જ અઠવાડિયામાં ફરિયાદ કરી હતી કે તેમને વણજોઈતી, અશ્લિલ કે જાતીય સામગ્રી દેખાડાયેલી. 'મેટા'ની દલીલ હતી કે તેઓ વરસોથી આ સમસ્યાના ઊકેલ માટે બાથ ભીડી રહ્યા છે અને સગીરો માટે સલામતિ પૂરી પાડવાના પ્રયત્નો ચાલુ છે.

આ બન્ને કંપનીઓનું કદ રાક્ષસી છે અને તેમનું જોર પણ રાક્ષસી છે. એટલે હજી તેઓ આ મામલાને ઉપલી અદાલતમાં લઈ જશે. એ થાય ત્યારે ખરું, પણ અમેરિકન ન્યાયતંત્રે તેમનો આ રીતે કાન આમળ્યો એ બહુ સૂચક ઘટના છે. એમાંય 'કે.જી.એમ.'ને ચૂકવવાના સાઠ લાખ ડૉલરના ભાગ પાડતાં જણાવાયું છે કે એ પૈકીના ત્રીસ લાખ ડૉલર ફરિયાદીને થયેલા નુકસાન પેટે છે, જ્યારે બીજા ત્રીસ લાખ દંડ પેટે છે, કેમ કે, આ બન્ને કમ્પનીઓએ પોતાનાં પ્લેટફોર્મનું સંચાલન બદઈરાદા, દમન અને છેતરપિંડીથી કર્યું છે.

સામાજિક નેટવર્કિંગનાં માધ્યમો એવો મંચ છે કે જેનો સદુપયોગ અને દુરુપયોગ બન્ને થઈ શકે. સદુપયોગના કિસ્સા ખાસ બહાર ન આવે અથવા ઓછા ચર્ચાય, પણ દુરુપયોગના કિસ્સા વધુ ચર્ચાય એ સ્વાભાવિક છે. સદુપયોગ કે દુરુપયોગનો આધાર આ માધ્યમના વપરાશકર્તા પર છે, પણ જે તે પ્લેટફોર્મ ખુદ તેના વપરાશકર્તાઓને પરોક્ષ રીતે, ખરેખર તો પ્રત્યક્ષ રીતે દુરુપયોગ માટે પ્રેરે એ ગંભીર બાબત છે. આવાં માધ્યમોનું આગમન નહીં, આક્રમણ થતું હોય છે અને તેની સારી કે ખરાબ અસરોનો ખ્યાલ આવે એ પહેલાં તે આધુનિક બનતું જતું હોય છે. તેની ગતિ સાથે તાલ મિલાવવાની લ્હાયમાં વપરાશકર્તા ક્યારે દુરુપયોગ તરફ સરકી જાય એનો તેને ખ્યાલ રહેતો નથી.

અમેરિકામાં એક તરફ આ સ્થિતિ છે, તો બીજી તરફ ઘરઆંગણે આપણા દેશમાં આ માધ્યમો પર થતી રજૂઆતને અંકુશમાં લાવવાના પ્રયત્નો કાયદા દ્વારા કરાઈ રહ્યા છે. બન્નેમાં ફરક એટલો છે કે અમેરિકામાં માધ્યમોને અંકુશમાં રહેવાની વાત થઈ રહી છે, જ્યારે આપણે ત્યાં વપરાશકર્તાઓને નિયંત્રીત કરવાનો ઈરાદો છે. ભાગ્યે જ કોઈ સરકારને મુક્ત અભિવ્યક્તિ પસંદ આવતી હોય છે. એમાંય જે સરકારનું જોર અને છબિ જ સામાજિક નેટવર્કિંગનાં માધ્યમો થકી હોય એ આ જ માધ્યમનો 'દુરુપયોગ' બીજાઓ કરી જાય એ શી રીતે સાંખી શકે? ટેક્નોલોજી અને અત્યાધુનિક ઊપકરણોના વર્તમાન યુગમાં આવો પ્રતિબંધ લાદવાની ચેષ્ટા બાલીશ લાગે, પણ અસલામતિ અને ખુદની અસલિયતની જાણકારી ભલભલાં અનિષ્ટ કામ કરાવતી હોય છે. દમન સ્પ્રિંગ જેવું હોય છે. જેટલા જોરથી તે કરવામાં આવે એનાથી બમણા જોરથી તે ઉછળે. અભિવ્યક્તિનું કાયદા દ્વારા દમન આજે નહીં તો કાલે, એક સ્થાને નહીં તો બીજે ક્યાંક બમણાં જોરથી પ્રત્યાઘાત આપતું હોવાનો ઈતિહાસ સાક્ષી છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

પાટીદાર સમાજનું ઉત્તમ દૃષ્ટાંત

બે કિશોરીની છેડતી બાબતે પાટીદાર સમાજે જે આક્રોશ વ્યક્ત કર્યો છે એ સંપૂર્ણ યોગ્ય કહી શકાય. આ પ્રમાણે અન્ય કોઈ યુવતીની છેડતી કે બળાત્કારની ઘટના જણાય તો પ્રજાજનોએ પણ આક્રોશ અવશ્ય વ્યક્ત કરવો રહ્યો. ક્યારેક ત્યાંથી પસાર થનાર વ્યક્તિ આપણે શું? ની માનસિકતા દર્શાવતા હોય છે! આ વલણ યોગ્ય ન જ કહેવાય. અજાણી વ્યક્તિની મદદ એ પણ સદ્કાર્ય જ કહેવાય. આપણી નજર સમક્ષ કંઈક ખોટું થઈ રહ્યું હોય અને આપણે સક્ષમ હોવા છતાં '' આંખ આડા કાન'' કરીને મદદ ન કરીએ એ ઉત્તમ નાગરિકની નિશાની નથી. કોઈની પણ દીકરી કેમ ન હોય પછી ભલે એ શ્રમજીવી હોય કે ગરીબ પરિવારની હોય. એમોલેસ્ટ થતી હોય તો મોલેસ્ટ કરનાર વ્યક્તિને પાઠ બરાબર ભણાવવો જ રહ્યો. જેથી અન્ય વિકૃત માનસિકતા ધરાવનાર વ્યક્તિ સો વાર આવાં કૃત્યો કરતાં પહેલાં વિચાર કરે. દુબઈ જેવા કાયદા હોવા જોઈએ. અહીંયા તો જેલમાંથી પેરોલ પર છૂટયા પછી પણ આવાં નિર્લજ્જ કૃત્યો કરતાં શરમાતાં નથી! પાટીદાર સમાજે ઉત્તમ દૃષ્ટાંત પૂરું પાડ્યું છે. અન્ય સમાજની દીકરીઓ પર પણ જો ભવિષ્યમાં કંઈક ખોટું થાય તો એમની પડખે ઊભા રહેવાની સમગ્ર જનતાની ફરજ છે.

સુરત - નેહા શાહ

બસ નિરાશા જ નિરાશા

'ગુજરાતમિત્ર'માં કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયાના ન્યૂઝ સુરતથી વધુ ઈન્ટરનેશનલ ફ્લાઈટના મુદ્દાઓના ઉકેલના વિ,ના છપાયા છે. સુરત એરપોર્ટના ન્યૂઝ દરેક સમસ્યા છે તે વિષેના વિસ્તારપૂર્વક થોડા થોડા દિવસે છપાય છે, પરંતુ તેનું નિવારણ થતું નથી. સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટનું બોર્ડ જાણે શહેરીજનોને વાંચવા માટે જ બનાવ્યું હોય, બસ સંતોષ ખાતર. સુરતીલાલાઓ જાગવું પડશે. આ રીતે એરપોર્ટની પ્રગતિ પર ગ્રહણ ચાલુ રહેશે તો સમય દૂર નથી કે આ એરપોર્ટ, એરપોર્ટ રહે? 2025-26માં રેકોર્ડ બ્રેક લાખોમાં યાત્રીઓ પ્રવાસ કરી સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટને વધાવી લીધું. છતાં પણ વધુને વધુ ફ્લાઈટ ચાલુ કરવાને બદલે રનીંગ ફ્લાઈટો પણ બંધ કરવામાં આવી રહી છે. મૂળ કારણ ભીતરનું જાણવું ખૂબ જરૂરી છે. ભવિષ્યમાં પણ પ્રગતિના પંથે આગળ વધે તેમણે છતા પણ અન્યાય પર અન્યાય થઈ રહ્યો છે. દામિની ફિલ્મનો ડાયલોગ સન્ની દેઓલનો છે. તારીખ પે તારીખ, તારીખ પે તારીખ તે જ રીતે સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટની પ્રગતિ માટે પણ કાંઈ આવુ જ છે. અગાઉ રીપોર્ટમાં 24 કલાક ધમધમતુ એરપોર્ટ થશે. પરંતુ બસ નિરાશા જ નિરાશા સુરત એરપોર્ટથી હવે સરકાર પર દબાણ લાવવા જરૂરી છે. ઈન્ટરનેશનલ ફ્લાઈટ દુબઈ, શારજાહા ચાલુ કરવી જરૂરી છે. તેની સાથે સાથે સીંગાપોર હોંગકોંગ, યુરોપ, લંડન ફ્લાઈટ પણ સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટ પરના ન્યૂઝ છપાયા છે. તેનુ પણ નિવાકરણ કરી જેમ બને તેમ જલ્દી એરપોર્ટ પર લીકર શોપ ચાલુ થાય તેવું શહેરીજનોની માંગ વધી છે.

ગોપીપુરા - ચેતન અમીન

અમે હેલ્પલેસ નથી, પણ હેલ્પલેસ બનાવવામાં આવ્યા

આજનો સમાજ એક અજબ વિસંગતિમાં જીવી રહ્યો છે. દરેક માણસ પાસે ક્ષમતા છે, પ્રતિભા છે, વિચારો છે છતાં મોટા ભાગનાં લોકો એક જ વાક્યમાં બંધાઈ ગયા છેઃ "મારી પાસે કોઈ વિકલ્પ નથી." શું ખરેખર વિકલ્પ નથી? કે પછી આપણને એવું સ્વીકારી લેવાનું શીખવવામાં આવ્યું છે? Learned Helplessness માત્ર માનસશાસ્ત્રીય સિદ્ધાંત નથી, તે આજના સમાજની જીવંત હકીકત બની ગયું છે. બાળક જ્યારે સ્કૂલમાં જાય છે, ત્યારે તેને શીખવવામાં આવે છે કે પ્રશ્ન ન પૂછો, જવાબ યાદ રાખો. યુવાન નોકરીમાં જાય છે, ત્યારે કહેવામાં આવે છે કે વિચાર ન કરો, ફક્ત સૂચના અનુસરો અને આખરે, એક પ્રૌઢ માણસ બનીને તે માનવા લાગે છે કે "હું કંઈ બદલી શકતો નથી." આ એક એવું ઘડતર છે કે જ્યાં સિસ્ટમ તમને સક્ષમ બનાવતી નથી, પણ આજ્ઞાકારી બનાવે છે. Martin Seligman ના મતે વારંવાર નિષ્ફળતા અને નિયંત્રણના અભાવથી માણસ હાર સ્વીકારી લે છે. આજે પ્રશ્ન એ નથી કે આપણે હાર્યા કેમ? પરંતુ પ્રશ્ન એ છે કે શું આપણને જીતવાનો મોકો ક્યારેય મળ્યો હતો? બાળકના પ્રશ્નોને "ચૂપ બેસ" થી દબાવવામાં આવે છે, જ્યારે યુવાનનાં સપનાંઓને "પ્રેક્ટિકલ બની જા" કહીને મારી નાખવામાં આવે છે, ત્યારે સમાજ એક નવી પેઢી તૈયાર કરે તો છે પરંતુ જે વિચારતી નથી, ફક્ત અનુસરે છે. આપણે આપણી જાતને જ પૂછવું પડશે કે શું ખરેખર આપણે હેલ્પલેસ છીએ? કે પછી આપણે સ્વયં હેલ્પલેસ બનવાની આદત સ્વીકારી લીધી છે?

સુરત - સાગર ગાંધી

ભારતીય ફિલ્મોના ભીષ્મ પિતામહ

દાદાસાહેબ ફાળકે - 30 એપ્રિલ, જન્મદિવસ ભારતીય સિનેમાની પહેલી ફીચર ફિલ્મ સત્યવાદી રાજા હરિશ્ચન્દ્ર બનાવી સિનેમાની શરૂઆત કરનાર, સિનેમા ક્ષેત્રે પ્રદાન કરનારને સિનેમાનો સર્વોચ્ચ પુરસ્કાર ગણાય,એ જેમના નામે સરકારે શરૂ કર્યા એ નિર્માતા,નિર્દેશક,પટકથાલેખક જે ભારતીય સિનેમાના પિતા કહેવાય છે એ ધુંડીરાજ ગોવિંદ ફાળકે અર્થાત્ દાદાસાહેબ ફાળકેનો જન્મ 30-4-1870 ના રોજ નાસિક પાસેના ત્ર્યંબકેશ્વર ગામે થયો હતો.પિતા મુંબઈમાં સંસ્કૃતના પ્રોફેસર તેથી મુંબઈનિવાસ દરમ્યાન ફિલ્મ નિર્માણ અને કલાના ક્ષેત્રમાં પ્રવેશ્યા. તેમનામાં કલાકારને નિખારવામાં ગુજરાત પણ કારણભૂત બન્યું હતું. વડોદરામાં નિવાસ અને અભ્યાસ મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાં,ગોધરામાં ફોટોગ્રાફીની તાલીમ,અમદાવાદમાં એક ઔદ્યોગિક પ્રદર્શનમાં સુવર્ણચંદ્રક જીત્યા હતા.ઈંગ્લેંડ જઈ ફિલ્મ બનાવવાનો કસબ શીખીને તેમણે 95 ફીચર ફિલ્મો અને 27 શોર્ટ ફિલ્મો 19 વર્ષની કારકિર્દીમાં તેમણે બનાવી હતી,જેમાં મોહિની ભસ્માસુર,સત્યવાન સાવિત્રી,લંકાદહન,શ્રીકૃષ્ણ જન્મ અને કાલિય મર્દન વિગેરેનો સમાવેશ થાય છે. સામાજિક આગેવાનો અને ઉદ્યોગપતિઓએ ફિલ્મ બનાવવામાં તેમને સામાજિક,આર્થિક પ્રોત્સાહન આપ્યું હતું. દાદાસાહેબ ફાળકેનું અવસાન 16-2-1944 ના દિને થયું હતું.

સુરત - સુરેન્દ્ર દલાલ

મજબૂત વિરોધપક્ષ લોકશાહી માટે જરૂરી છે

સ્થિરતા અને નિર્ણયો લેવા માટે મજબૂત શાસક પક્ષ જરૂરી છે, પરંતુ એટલો જ મજબૂત વિરોધપક્ષ લોકશાહીની રીડ છે, જે તેને સ્વસ્થ અને કાર્યક્ષમ રાખે છે. જ્યારે વિરોધપક્ષ નબળો હોય અથવા ગેરહાજર હોય, ત્યારે સંસદીય ચર્ચાઓની ઊંડાઈ ઘટે છે અને કાયદા પૂરતી ચર્ચા વિના પસાર થઈ શકે છે. આ લોકશાહી શાસનની ભાવનાને નુકસાન પહોંચાડે છે. નબળા વિરોધપક્ષનો સૌથી મોટો નુકસાન જવાબદારીમાં ઘટાડો છે. જ્યારે સરકાર સામે મજબૂત વિરોધ ન હોય, ત્યારે તે બેદરકાર બની શકે છે અથવા વધુ ખરાબ સ્થિતિમાં સત્તાવાદી વલણ અપનાવી શકે છે. વિવિધ દૃષ્ટિકોણો ધ્યાનમાં લીધા વિના નીતિઓ અમલમાં મૂકાશે, જે સમગ્ર જનતાના હિતમાં ન હોઈ શકે. મજબૂત વિરોધપક્ષ વિવિધ વિચારોને આગળ લાવે છે અને ચર્ચા માટે મજબૂત માળખું પૂરું પાડે છે, જેનાથી વધુ સંતુલિત અને અસરકારક નીતિઓ બને છે. બીજી એક મહત્ત્વપૂર્ણ સમસ્યા પ્રતિનિધિત્વમાં ઘટાડો છે. લોકશાહીમાં વિરોધપક્ષ ઘણીવાર એવા લોકોનું પ્રતિનિધિત્વ કરે છે જેમણે શાસક પક્ષને મત આપ્યો નથી. જ્યારે વિરોધપક્ષ નબળો હોય, ત્યારે આ અવાજો અવગણાઈ જાય છે. આથી નાગરિકોમાં ઉપેક્ષાની ભાવના ઊભી થાય છે અને લોકશાહી સંસ્થાઓ પ્રત્યેનો વિશ્વાસ ઘટે છે. નબળો વિરોધપક્ષ પારદર્શિતાને પણ અસર કરે છે. મજબૂત વિરોધપક્ષ મુદ્દાઓને બહાર લાવે છે, સ્પષ્ટતા માંગે છે અને માહિતી જાહેર કરાવવા દબાણ કરે છે. તેના અભાવે મહત્વપૂર્ણ મુદ્દાઓ અવગણાઈ શકે છે. આથી લાંબા ગાળે અકાર્યક્ષમતા, ભ્રષ્ટાચાર અથવા નબળું શાસન વધી શકે છે.

સુરત - કશ્યપ કુંજવીહરી મહેતા